ગાંધીનગર સમાચાર

ગાંધીનગર વૈષ્ણવ પરિવારોની ૨૨મીએ ખાસ બેઠક

# શહેરમાં લશ્કરી શસ્ત્રોનું પ્રદર્શન

## ગાંધીનગર ધિરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ ખાતે પરબત અલી બ્રિગેડ દ્વારા 'નૉ અવર આર્મી' એક્સપોઝીશન યોજાયું : વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ લશ્કરી શસ્ત્રો નિહાળીને તેની માહિતી મેળવી : ભારતીય સેનાના સૈનિકોનું યુધ્ધ સમયનું જીવંત ચિત્ર નિહાળ્યું






ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સ્થિત ધિરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ (ડી.એ.આઈ.આઈ.સી.ટી.) ખાતે અમદાવાદ સ્થિત ગોલ્ડન કતાર ડિવીઝનની પરબત અલી બ્રિગેડ દ્વારા આજે 'નૉ અવર આર્મી' એકસ્પોઝીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ-ગાંધીનગરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં પ્રદર્શન સ્થળે આવ્યા હતા. લશ્કરી શસ્ત્રો જે અગાઉ કયારેય પ્રદર્શનમાં મુકાયા નથી તે આ પ્રદર્શનમાં મુકાયા હોવાથી તમામ લશ્કરી શસ્ત્રોને નિહાળીને તેની રસપ્રદ માહિતીઓ વિદ્યાર્થીઓએ મેળવી સેલ્ફી ખેંચી હતી. વિદ્યાર્થીઓ સહિત રાજયપાલે ભારતીય સેનાના સૈનિકોનું યુધ્ધ સમયનું જીવંત ચિત્ર નિહાળ્યું હતું.

રાજયપાલ ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે ભારતીય સેનાના કારણે સમગ્ર દેશમાં શાંતિ અનુભવી શકાય છે. યુવાનોને રાષ્ટ્ર નિર્માણ માટે આગળ આવવાનું આહવાન કરીને રાજયપાલે જણાવ્યું હતું કે ભારતીય સેના સાથે જોડાઈ રહેવાથી સાહસિક બનવાની પ્રેરણા મળે છે તેમજ રાષ્ટ્રની સેવા સેનામાં જોડાઈને પણ થઈ શકે છે.

સવારે ૧૧ થી ૬ કલાક સુધી એકિઝબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટી-૯૦ (ભીષ્મ) ભારતીય સેનાની મુખ્ય ટેંક, ટી-૭૨ ટેંક (અજેય), આર્મર્ડ પર્સનલ કેરિયર, બોફોર્સ (૧૫૫ એમએમ આર્ટિલરી ગન), એલ-૭૦ એન્ટિ એરક્રાફટ ગન, ઈન્ફન્ટ્રી દ્વારા ઉપયોગમાં લેવાતા વિવિધ નાના શસ્ત્રો, માઈન લેઈંગ અને ડિફયુઝિંગ ઈકિવપમેન્ટ, બ્રીજ લેઈંગ ઈકિવપમેન્ટ (એએમ-૫૦) લોરોસ (લોંગ રેન્જ રિકન્નિસન્સ એન્ડ ઓબ્ઝર્વેશન સિસ્ટમ) અને બેટલફિલ્ડ સર્વેલન્સ રડાર્સ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

રાજયપાલની ઉપસ્થિતિમાં સૈનિકો દ્વારા યુધ્ધ સમયનું જીવંત ચિત્ર રજુ કરવામાં આવ્યું હતું. જેમાં સાંસ્કૃતિક અને માર્શલ ઈવેન્ટ મોલ ખામ્ભ, ગોરખ ખુખરી નૃત્ય અને લેઝિયમ, ૦૫ અલગ અલગ બેન્ડ દ્વારા સંયુકતપણે પાઈપ બેન્ડ, ટ્રાન્સ બોર્ડર પેટ્રોલ પ્રદર્શન કેમલ માઉન્ટેડ, વ્હિકલ માઉન્ટેડ અને ઓન ફૂટ તથા દુશ્મનના સેકશનમાં ઈન્ફન્ટ્રી અસોલ્ટ ડેમોનસ્ટ્રેશન રજુ કરવામાં આવ્યું હતું.

ગોલ્ડન કટાર ડિવિઝનના જનરલ ઓફિસર કમાન્ડિંગ મેજર જનરલ એસ.કે. પ્રશાર, ડીએઆઈઆઈસીટીના ડૉ. નાગરાજ રામાનંદ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## ચિલોડા પ્રાથમિક શાળાનું ગૌરવ

ચિલોડા, તા.૧૭

રાષ્ટ્રીય મેરીટ સ્કોલરશીપ અંગે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલી પરીક્ષામાં ચિલોડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા છ બાળકો કવોલિફાય થયા છે. ગુણોત્સવના અગાઉ આવેલા સફળ પરિણામથી




વાલીઓ તથા શાળા પરિવારમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે.

કવોલિફાય થયેલા શાળાના બાળકો સોનલ તખતસિંહ ઠાકોર, આરતી બળવંતાભાઈ ઠાકોર, અનિલ ભાતાજી ઠાકોર, નેહા અશોકજી ઠાકોર તથા હેતલ કિશોરસિંહ પરમારનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓની આ સિધ્ધી બદલ શાળાના આચાર્ય તખતસિંહ ઠાકોર, નટુભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## સરગાસણ ખાતે બીએસપી પાર્ટીના નવીન કાર્યાલયનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લા બહુજન સમાજ પાર્ટી દ્વારા બીએસપીના સુપ્રિમો માયાવતીના જન્મદિનની ઉજવણી સાથે સરગાસણ ગામે જિલ્લા કક્ષાનું કાર્યાલય ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

આ કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે ગુજરાત રાજયના પ્રભારી શ્રીકાંતજી, ભગુભાઈ પરમાર, ડી.એલ. વાઘેલા, પ્રવીણ વાઘેલા, ચિરાગ પરીખ, અમૃતભાઈ કાપડીયા, રાજીવ પરીખ, અનિલભાઈ પરમાર, જશોદાબેન પરમાર, કીર્તીબેન મોઢવાડીયા, હર્ષદભાઈ પરમાર વગેરે હાજર રહ્યા હતા.

## ગાંધીનગરના વૈષ્ણવ પરિવારોની ૨૨મીએ ખાસ બેઠક

ગાંધીનગર, તા.૧૭

સેકટર-૨૧ સ્થિત હવેલી મંદિરના ૨૫માં વર્ષની રજત જયંતિની ઉજવણી આગામી નવેમ્બર ૨૦૧૭માં યોજાવાની છે. જેના સફળ આયોજન માટે તારીખ ૨૨-૧-૨૦૧૭ના રોજ બપોરે ૩.૩૦ કલાકે હવેલી મંદિર, સે-૨૧ ખાતે ગાંધીનગરમાં નિવાસ કરતા તમામ વૈષ્ણવોની બેઠક રાખવામાં આવી છે તો સર્વે વૈષ્ણવોને બેઠકમાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## આપણું ફાઉન્ડેશન દ્વારા ૧૫ શહેરોમાં અનોખો પતંગ પર્વ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૭

ઉત્તરાયણના પર્વમાં લોકો પતંગ ઉડાવી, મીઠાઈ, ચીકી, મમરાના લાડુ ખાઈ મજા માણતા હોય છે. ખાસ



યુવાન વર્ગ, મિત્ર વર્તુળ અને સગાસંબંધીઓ સાથે ખુશી મનાવવામાં આવતું આ પર્વ છે. જયારે આપણું ફાઉન્ડેશનના યુવાનોએ કંઈક અલગ અંદાજથી જ ખુશીઓ ફેલાવી છે. એક સાથે ગાંધીનગર, અમદાવાદ, સુરત, રાજકોટ, અંજાર, આદિપુર, ગાંધીધામ, મહેસાણા, વડોદરા, જૂનાગઢ, મહુવા, ભાવનગર, ડીસા, રાધનપુર, ઉપરાંત રાજય બહારના મુંબઈમાં વસતા ગરીબ પરીવારના બાળકોમાં ખુશીઓ વહેંચી સ્મિત લાવવાનો અનોખો પ્રયાસ કર્યો હતો. કુલ ૧૫ શહેરોમાં ૨૧,૧૦૮ પતંગો, તલની ચીકી, મમરાના લાડુ તથા મીઠાઈનું વિતરણ કરીને આપણી સંસ્કૃતિમાં ખુબ જ મહત્વના ગણાતા ઉત્તરાયણ પર્વની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. એક જ સંસ્થા દ્વારા ૧૫ શહેરોમાં એક સાથે એક જ સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હોય એવી પણ આ પહેલી જ ઘટના હતી જેનાથી ગરીબ બાળકોના ચહેરા પર આનંદ ફેલાયો હતો.

## નીલગાય આડે આવી જતા મીની ટ્રક પલ્ટી મારી ગઈ : કેબિનમાં બેઠેલા મજુરનું મૃત્યુ : ત્રણ ઘાયલ

ગાંધીનગર, તા.૧૭

ડભોડા નજીકથી પસાર થઈ રહેલા એક મીની ટ્રકની આડે નીલગાય આવી જતાં મીની ટ્રકના ડ્રાઈવરે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા મીની ટ્રક પલ્ટી મારી ગયો હતો. કેબિનમાં બેઠેલા ચાર મજુરો પૈકી એક ફસાઈ જતા તેનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે ત્રણ ઘાયલોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ડભોડા પોલીસે અકસ્માતમાં મોત અંગે ગુનો દાખલ કરી ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

મીની ટ્રક ટાટા ૯૦૯ નંબર જીજે ૧ સી.વાય. ૩૧૦૪માં ઈંટો ભરીને વિરાતલાવડી ગામમાં લઈ જવાઈ રહી હતી. સવારે નવેક વાગ્યાના અરસામાં ડભોડા પાસેના આતાજીના છાપરા નજીકથી આ મીની ટ્રક પસાર થઈ રહ્યો હતો ત્યારે અચાનક રોડ વચ્ચે નીલગાય આવી જતા ડ્રાઈવરે કાબુ ગુમાવી દીધો હતો અને મીની ટ્રક પલ્ટી મારી ગઈ હતી. ટ્રક પલ્ટી મારતા એન્જીનમાં આગ ભભુકી ઉઠી હતી. મીની ટ્રકમાં ચાર મજુરો બેઠા હતા. જે પૈકી ડુંગરપુર રાજસ્થાનનો એક મજુર લોકેશ ઉર્ફે અશોક મણિલાલ બભાણીયા કેબિનમાં બેઠો હતો તે કેબિનમાં ફસાઈ જતા સ્થળ પર જ તેનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. આ ઘટનામાં અન્ય ત્રણ ઘાયલ મજુરોને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે ઘટનાની જાણ થતાં ડભોડા પોલીસ મથકના જમાદાર બાબુભાઈએ સ્થળ પર પહોંચી મૃતદેહ પીએમ કરાવી ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે. મૃતક લોકેશ ઉર્ફે અશોક ગઈ કાલે જ રાજસ્થાનથી ગુજરાતમાં મજુરી કરવા માટે આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

## શહેરની જે.બી. પ્રાથમિક શાળાનો ત્રિવેણી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૭

શહેરની જે.બી. પ્રાથમિક શાળાના બાળકો માટે શાળા દ્વારા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૮૫ જેટલા બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ પાર્કની મજા માણી હતી.

બાળકોએ જ્ઞાન સાથે ગમ્મત પણ માણ્યું હતું. જયારે શાળા પરિવારના શિક્ષકો અને પ્રકૃતિ ઉદ્યાનના તજજ્ઞોએ બાળકોને પાર્કની શૈક્ષણિક રીતે ઉપયોગી માહિતી અને માર્ગદર્શન પુરું પાડયું હતું. આ ઉપરાંત ધો-૧ અને ૨ના ૪૩૨ જેટલા બાળકોને ઉત્તરાયણ પર્વે ફીરકીનું વિતરણ કરવામાં આવ્યું હતું તથા શાળામાં જ કલાકુંભની ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રાથમિક શાળાના ૩૬ જેટલા બાળકોએ ભાગ લીધો હતો અને સુંદર ચિત્રો કંડારી શ્રેષ્ઠતમ પ્રદર્શન કર્યું હતું. ભાગ લેનાર તમામ બાળકોને સંસ્થા તરફથી શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય અને શાળા પરિવારે શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

## ગાંધીનગરના પડતર પ્રશ્નો અંગે કલેકટર સમક્ષ રજૂઆત

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં વધતી જતી ચોરીઓ, ટ્રાફિકની સમસ્યા, સ્વચ્છતા સહિતના વિવિધ પડતર પ્રશ્નો અંગે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘે જિલ્લા કલેકટરને રજુઆત કરી છે અને આ પ્રશ્નોના ઉકેલ માટે નકકર પગલાં લેવા અનુરોધ કર્યો છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘે કલેકટરશ્રી સતિષ પટેલને આવેદનપત્ર આપી ગાંધીનગરના વિવિધ પ્રશ્નો અંગે રજુઆત કરી છે. ગાંધીનગર શહેરમાં દિન પ્રતિદિન ચોરીઓનું પ્રમાણ વધી રહ્યું છે. પોલીસ તંત્ર વાયબ્રન્ટ જેવા વિવિધ કાર્યક્રમોમાં વીઆઈપી અને વીવીઆઈપીના બંદોબસ્તમાં વ્યસ્ત રહે છે જેના પરિણામે ચોરોને મોકળું મેદાન મળે છે. ન્યુ ગાંધીનગર જેવા વિસ્તારોમાં ચોરની સમસ્યા વધતી જઈ રહી છે તેવી જ રીતે શહેરના મુખ્ય માર્ગો પર અને સાર્વજનિક સ્થળોએ ટ્રાફિકની સમસ્યા વધી રહી છે. શહેરમાં સિવિલ હોસ્પિટલ હોવા છતાં અદ્યતન સારવાર માટે હજુ અમદાવાદ પર આધારિત રહેવું પડે છે. અદ્યતન સારવાર અને દવાઓ સરકારી હોસ્પટલમાં મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા રજુઆત કરવામાં આવી છે. આ ઉપરાંત નગરના માર્ગો અને આંતરિક વિસ્તારોની સાફસફાઈ નિયમિતપણે થાય તેવી વ્યવસ્થા ગોઠવવી જરુરી બની છે. આ ઉપરાંત દબાણો, શહેરી સર્વિસની બસોની અનિયમિતતા જેવા પ્રશ્નો અંગે પણ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘે રજુઆત કરી છે.

## વાઈબ્રન્ટમાં સફળતાની વાહવાહી વચ્ચે વાલીઓની વ્યથા

ગાંધીનગર, તા.૧૭

રાજયના પાટનગરમાં ભવ્યાતિભવ્ય વાઈબ્રન્ટ સમિટ યોજાઈ ગઈ. દેશ-વિદેશની અનેક કંપનીઓ તથા સરકારોએ આ સમિટમાં ભાગ લઈ ગુજરાતમાં રોકાણ કરવાના એમઓયુ કર્યા છે. અધધ રકમોના અંજાઈ જવાય તેવા થયેલા એમઓયુથી સરકાર ગર્વ લઈ રહી છે પરંતુ રાજયમાં બેરોજગારીની વાસ્તવિકતાથી બેખબર સરકારના આ પ્રયાસ પાછળ વાલીઓ વ્યથિત છે. રાજયમાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજોના અતિરેકથી તગડી ફી ચુકવીને ઉચ્ચ અભ્યાસ કરેલા પોતાના સંતાનોને લાયકાત મેળવ્યા પછી પણ રોજગારી માટે વલખા મારતા જોઈ આવા વાઈબ્રન્ટ વ્યર્થ જ હોવા જેવો બળાપો વાલીઓ વ્યકત કરી રહ્યા છે. ખરેખર તો અભ્યાસ પછી તરત જ રોજગારી તૈયાર હોય તે જ સાચા અર્થમાં વાઈબ્રન્ટની સફળતા અને સેલ્ફ ફાઈનાન્સ કોલેજોને આપેલી મંજુરી લેખે લાગી હોવાનું ગણાશે તેવો મત વાલીઓ વ્યકત કરી રહ્યા છે.

એમ.બી.એ., એન્જીનીયરીંગ કે અન્ય ઉચ્ચ અભ્યાસુ વિદ્યાર્થીઓને રાજયમાં ખાનગી ક્ષેત્રે લઘુત્તમ વેતનથી પણ ઓછા પગારની ઓફરમાં નોકરી



કરવા મજબુર થવું પડી રહ્યું છે. જે સરકારે મંજુરી આપેલી કોલેજોનું પણ અપમાન ગણાઈ રહ્યું હોવાનો મત પણ વાલીઓ વ્યકત કરી રહ્યા છે. છેલ્લા ઘણા વર્ષોથી વાઈબ્રન્ટ સમિટનું આયોજન થઈ રહ્યું છે અને એમઓયુ પણ થઈ રહ્યા છે. પરંતુ રાજયના બેકાર યુવાનોને રોજગારી મળે તેવા એક પણ સફળ આયોજનો સરકાર કરી શકી નથી તેનો અફસોસ પણ વાલીઓને થઈ રહ્યો છે. સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં તગડી ફી ચુકવી પોતાનું સર્વસ્વ પોતાના સંતાનો પાછળ ખર્ચી નાખનાર વાલીને સંતાનના અભ્યાસને લગતી નોકરી કે રોજગારી ન મળતા સરકારના આવા વાઈબ્રન્ટ તેમના માટે નિરર્થક જ હોવાનું જણાવી રહ્યા છે. વધુમાં સરકાર રાજયની દરેક કોલેજોમાંથી ઉચ્ચ અભ્યાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓની યાદી મંગાવી તેમાંથી કેટલા નોકરી કરે છે તેવો સર્વે કરાવે તો પણ બેરોજગારીની સાચી વિગત બહાર આવી શકે છે તેવું પણ વાલીઓ જણાવી રહ્યા છે. રાજયમાં યોજાતા ભભકાદાર વાઈબ્રન્ટની સફળતા રાજયમાં સ્થપાતા ઉદ્યોગો નહીં પરંતુ રાજયના યુવાનોને મળતી રોજગારી ઉપર મદાર રાખે છે જેથી સરકાર રોજગારી બાબતે ચિંતિત બની ઉદ્યોગ ક્ષેત્રે ફકત ગુજરાતી યુવાનોને પ્રાધાન્ય મળે તેવા પ્રયાસો હાથ ધરે તેવું વાલીઓ ઈચ્છી રહ્યા છે.

## કોબા ખાતે સાધ્વીજી સૂર્યલતાજી કાળધર્મ પામ્યા

ગાંધીનગર, તા.૧૭

પ.પૂ. બુધ્ધિસાગર સૂરીશ્વરજી સમુદાયના સાધ્વીજી ભગવંત શ્રી સૂર્યલતાજી મ.સા. તા. ૧૭ જાન્યુઆરીના રોજ બપોરે ૨.૫૪ કલાકે કોબા ખાતે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. ઉછામણી આવતીકાલે તા. ૧૮મી જાન્યુઆરીના રોજ સવારે ૯.૦૦ કલાકે કોબા ખાતે બોલાશે. પાલખી સવારે ૧૦.૦૦ વાગે નીકળશે.

### ચિરવિદાય

- સ્વ. રામગોપાલ મટરૂમલ શર્મા, ઉ.વ. ૮૬
- સ્વ. લાડુબેન ગણેશભાઈ મકવાણા, ઉ.વ. ૮૫
- સ્વ. કાન્તીજી નાથાજી ઠાકોર, ઉ.વ. ૬૦
- સ્વ. અમુબા બલુજી ગોલ, ઉ.વ. ૭૦
- સ્વ. બાલુબા ગોપાળજી ગોહિલ, ઉ.વ. ૯૭